## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કંપનીનાં મૂળીયાં ચૂંસી ખાયકી ખેંચી નાખો!*
*ખોટ ખાવાનાં કારણો સામે આંખ મીંચી નાખો!*
*કેંચી મારો, વેતરી નાખો સરકારી તિજોરી -*
*ખોખલું થઈ જાય 'વિમાન' ત્યારે વેંચી નાખો...*
*(એર ઈન્ડિયાનું લીલામ)*

હાઈકુ

*યુ ટર્ન મારી,*
*પહેરાવો હેલ્મેટ -*
*થૂંકીને ચાટો...*
*(સરકારનું ચલકચલાણું)*

*કરે છે ચૂં ચૂં -*
*હિંમતવાન તંત્ર -*
*બાંધે ન ઘંટ...*
*(કાયદાની બિલ્લીને)*

### ચિંતન

***મહદૈશ્વર્ય પ્રાપ્યાપ્યધૃતિમાન વિનશ્યતિ ।***

**ઉપરોક્ત સૂત્ર 'ચાણક્યનીતિ'માંથી લેવામાં આવેલ છે.**

**ચંચળ મનુષ્યો, મહાન ઐશ્વર્ય પામવા છતાંયે, નાશ પામે છે.**

**જેમનામાં ધીરજ નથી, જેમનું ચિત્ત ચંચળ હોય છે અને જેમનો પોતાની ઈન્દ્રિયો પર કાબૂ નથી એવા મનુષ્યોને ગમે તેટલું ધન મળે તો પણ તેમનો વિનાશ જ થાય છે.**

**અધીરા માણસની સંપત્તિ જ તેનો વિનાશ આણે છે. કારણ કે સંપત્તિનો સદુપયોગ કરવાનું તે જાણતો નથી, એવું ધન એવાં ખરાબ કામોમાં ખર્ચાય છે, જેનાથી તે સ્વયં નાશ પામે છે.**

**ધન-સંપત્તિવાન મનુષ્યએ પોતાના પર લગામ, ઈંદ્રિયો પર સંયમનો કાબૂ અને મન પર અંકુશ રાખવો જોઈએ સંસ્કાર અને સત્સંગના રથમાં બેસી જીવનયાત્રા કરવી જોઈએ.**

**બેલગામ જીવન પોતાના જ ધનસંચયથી વિનાશનું કારણ બને છે.**

### સુવિચાર

- બહુત ગિનાતે રહે તુમ ઔરોં કો 'ગુણ-દોષ'...
  અપને અંદર ઝાંક લો... ઉડ જાયેંગે 'હોશ' - **અનંત પાલ**
- તું નીચે પડી જો કોઈ નહિ આવે તને 'ઉપાડવા' તું જરા ઉડી તો જો
  બધા આવશે તને 'પછાડવા' - **મોરારિ બાપુ**
- કોઈ પણ વ્યક્તિની ભૂલ માફ કરવી એ સારી વાત છે,
  પણ ભૂલ ભૂલી જવી એ આત્મીયતા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભાન સહિત જૂઠું બોલવું, એનું નામ કપટ - **જન્મભૂમિ**
- કદમ ઘાયલ, પવન સામો, સફર મારી પહાડી છે...
  શિખર ને પાર કરવાની, શરત મેં પણ લગાડી છે - **રોહિત શાહ**
- જીવન આપણી નહીં, પરમાત્માની ઈચ્છાનું પરિણામ છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : બોરડીના છાલનો કટકો ચૂસવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પ્રજા વત્સલ અને ન્યાયપ્રિય રાજા વેશ બદલીને રાત્રે જનતાની ખબર લેવા નીકળ્યા. રાજાએ એક ખાસ નિયમ પણ બનાવ્યો હતો કે તેમના રાજયમાં કોઈ મહિલા પર અત્યાચાર કરવામાં આવશે તો કરનાર વ્યક્તિને સખત સજા થશે. એક રાત્રે રાજાએ જોયું તો એક શરાબી માણસ પોતાની પત્નીને માર મારી રહ્યો હતો અને ઘરની બહાર ખેંચીને લઈ જઈ રહ્યો હતો. તે ગુસ્સામાં બોલ્યો, 'તું મને પસંદ નથી... ચાલી જા.... હું ચમેલી સાથે બીજા લગ્ન કરવાનો છું.' નિરાધાન પત્ની આંગણામાં રડી રહી હતી. રાજાએ આ દશ્ય જોયું બીજે દિવસે સિપાઈને પેલા માણસને પકડી લાવવાનો હુકમ કર્યો. સવાર પડતાં પેલો માણસ પોતાની બીજી પત્ની ને લઈ રાજય છોડી ભાગી ગયો હતો. સિપાઈઓ ખાલી હાથે પાછા ફર્યા. રાજાએ કહ્યું, એની પહેલી પત્નીને મારી પાસે હાજર કરો. તરછોડાયેલી સ્ત્રીએ રાજાને રાજા પાસે હાજર થઈ. રાજાએ કહ્યું, બહેન, તું બિલકુલ નિરાધાર થઈ ગઈ છે એનું દુઃખ છે. પણ રાજય તને જરૂર મદદ કરશે. બોલ તારે શું જોઈએ ? સ્ત્રીએ રાજાને કહ્યું, 'ના, ના, મહારાજ એવું બિલકુલ નથી. હું નિરાધાર નથી. મારે તો ત્રણ ત્રણ આધાર છે.' રાજાએ પૂછ્યું, 'કયા ત્રણ આધાર ?' સ્ત્રીએ નમ્રતાપૂર્વક સ્વાભિમાન સાથે કહ્યું, 'મહારાજ, આ મારા હાથ, મારી હિંમત અને મારા ભગવાન - એ મારા ત્રણ આધાર છે. હું બિલકુલ નિરાધાર નથી.' રાજાએ મહિલાના સ્વાભિમાનને બિરદાવ્યું અને તેને મહેલના બગીચાની સારસંભાળનું કામ સોંપ્યું.

# દિલ્હીની ચૂંટણી ઘણા પાઠ શિખવશે

**તંત્રીસ્થાનેથી...**

મોટા રાજયોની કે લોકસભાની ચૂંટણી હાલમાં નથી તેમ છતાં આજકાલ રાજકારણ ખુબ ગરમાયું છે. ખોબા જેવડા દિલ્હીના વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે ત્યારે રાજકીય પક્ષો તેને જીતવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. દિલ્હી વિધાનસભાનો મત વિસ્તાર ખૂબ નાનો છે. પરંતુ તે દેશની રાજધાની છે અને રાજકારણનું એપીસેન્ટર છે. આ કારણે જ અહીં ચૂંટણીનો જંગ ખરા અર્થમાં જામ્યો છે. દિલ્હીની ચૂંટણીઓના પ્રચાર પ્રસાર પર નજર નાંખીશું તો એક વાત ઉડીને આંખે વળગે છે તે છે નેતાઓનો વાણીવિલાસ. વાણી સ્વાતંત્ર્યના નામે બેફાવ બોલવાનું અને તેના થકી મતદારોની લાગણીઓ ઉશ્કેરવાનું તો કોઈ રાજકારણીઓ પાસેથી શીખે.

આપણને આપણી લોકશાહી પર ગર્વ છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. તેના ગાણાં આપણે ગાતાં ફરીએ છીએ. પરંતુ નેતાઓ દ્વારા લોકશાહીનું વસ્ત્રાહરણ અનેકવાર થાય છે તેને આપણે અટકાવી શકતા નથી. એમાંય વળી નેતાઓને સીએએ અને એનસીઆરનો મુદ્દો મળી ગયો છે. આ કાયદાનો વિરોધ દેશના ઘણા ભાગોમાં થયો. હવે તેના સમર્થનમાં દેખાવો થઈ રહ્યા છે. દિલ્હીના શાહીન ભાગ વિસ્તારમાં સીએએનો વિરોધમાં ૪૮-૪૯ દિવસોથી દેખાવો થઈ રહ્યા છે. દિલ્હીની ચૂંટણીમાં સ્થાનિક મુદ્દાઓને સ્થાને રાજકીય પક્ષોએ શાહીન બાગને મુખ્ય મુદ્દો બનાવી દીધો છે. પ્રચારમાં આ મુદ્દાને આગળ ધરીને નેતાઓ લોકોની લાગણીઓને ઉશ્કેરી રહ્યા છે. બેફામ નિવેદનોની તો જાણે હોડ લાગી છે. ચૂંટણી પંચે નેતાઓના વાણીવિલાસને બંધ કરાવવાના પ્રયાસમાં લાગ્યું છે. ભાજપના નેતાઓ પરવેશ શર્મા અને અનુરાગ ઠાકુરને સ્ટાર પ્રચારકોની યાદીમાંથી હટાવી દેવાયા છે. અન્ય રાજકીય નેતાઓના નિવેદનોની પણ ચકાસણી થઈ રહી છે. હજુ તો દિલ્હીમાં છેક ૮મી ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. ત્યાં સુધી રાજકીય નેતાઓના જાતભાતના ખેલ અહીં જોવા મળશે.

હવે દિલ્હીની શાણી જનતાએ નક્કી કરવાનું છે, તેઓ રાજકીય નેતાઓની ચાલમાં ફસાય છે કે પોતાનું અને લોકશાહીનું હિત શેમાં છે તે જુએ છે...!

લોકશાહીના નામે થતાં નાટકો બંધ કરવાનો સમય આવી પહોંચ્યો છે. ધર્મ અને જાતિના નામે મતબેંકો ઊભી કરી રાજકીય રોટલા શેકતા તકવાદીઓથી મુક્તિ મેળવવાની અનિવાર્યતા સર્જાઈ છે.

# કવીશ્વર જગન્નાથ



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભાવનગર પંથકના કોઠ ગામથી બાર માઈલ દક્ષિણે નાની બોરુ ગામ છે. ત્યાં શીઘ્રકવીશ્વર પંડિત જગન્નાથ કુબેરજી પંડ્યાનો જન્મ ઈ.સ. ૧૭૪૯ના શ્રાવણ સુદ ૧૨ને બુધવારે થયો હતો. સાહિત્ય, ચિત્ર, સંગીત અને નૃત્યમાં નિપુર્ણ હતા. એ વખતે ભાવનગર રાજયમાં વખતસિંહ અથવા આતાભાઈનું શાસન (ઈ.સ. ૧૭૭૨ થી ૧૮૧૬) હતું. મહારાજાએ એમને ઉદાર આશ્રય આપ્યો. કવિને વર્ષાસન બાંધી આપ્યું. ભા'દેવાણી શેરીમાં સાલેભઈના ખાંચામાં પૂરી ઘરવખરી સાથેનું મકાન ભેટમાં આપ્યું. આ જ રીતે વડોદરાના ગોવિંદરાવ ગાયકવાડે પણ એમને વર્ષાસન બાંધી આપ્યું. પૂનાના બાજીરાવ પેશ્વાએ પણ એમનું જાહેર સન્માન કર્યું. ઈ.સ. ૧૮૧૯માં એમનું અવસાન થયું.

આમાંથી ભાગ્યમહોદય નાટક મહત્ત્વનું છે. આ સંસ્કૃત નાટકની રચના કવિએ ઈ.સ. ૧૭૯૬માં કરી હતી ત્યાર પછી ભાવનગરમાં દેવશંકર વૈકુંઠજી ભટ્ટ અને ધોલેરા - ધંધુકામાં નાગરલાલ મોહનજી પાઠક હતા. એમને આ નાટકને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કર્યું. આ પ્રકાશના મહારાજ ભાવસિંહજીના આશ્રયે થયું.

ઈ.સ. ૧૯૧૨માં બે મહત્ત્વની ઘટના બની :

(૧) મંત્રી પ્રભાશંકર દલપતરામ પટ્ટણીને બ્રિટીશ સરકારે મુંબઈ સરકારના કાઉન્સિલની પદવી આપી. (૨) રાજકુંવરીના લગ્ન થયા. આ નિમિત્તે આ નાટક મહારાજને, સંપાદકોએ અર્પણ કર્યું. મહારાજાએ પરમ સંતોષ વ્યક્ત કર્યો.

ભાગ્યમહોદય નાટક સંસ્કૃતમાં બે અંકોમાં રચાયું છે.

અહીં 'ભાગ્ય' શબ્દ મહારાજ વખતસિંહ માટે છે. મહારાજનો મહાન ઉદય નાટકનો વિષય છે.

(૧) અંક પહેલો : છંદના બંધારણમાં ગણ હોય છે - આઠ ગણ. યગણ, મગણ વગેરે... ક્રમશઃ આ ગણ રંગમંચ પર પાત્ર તરીકે આવે છે. પોતાની વ્યાખ્યા આપે છે. એને અનુરુપ ઉદાહરણ આપે છે, અને જતો રહે છે. એ જ ઉદાહરણ આપે છે; તેમાં મહારાજની સ્તુતિ હોય છે, પ્રશંસા હોય છે. જેમ કે મ ગણ કહે છે - 'જે રીતે હું ત્રણ ગુરુઓ વાળો છું. (ગા ગા ગા) તે રીતે હે વખતસિંહ, તમે પણ ત્રણ ગુરુઓવાળા છો (પિતા, વિદ્યા અને ધર્મ.)'

(૨) અંક બીજો : શબ્દના નહિ, પરંતુ અર્થના ઉપમા વગેરે ૪૧ અલંકારો છે. તે વારાફરતી પાત્રરૂપે રંગમંચ ઉપર આવે છે અને જતાં રહે છે. પોતાની વ્યાખ્યા આપે અને એને અનુરુપ ઉદાહરણ આપે. આ ઉદાહરણમાં મહારાજની સ્તુતિ પ્રશંસા હોય છે, જેમ કે, અલંકાર અસંગતિ કહે છે 'હે સિંહપુર (શિહોર) રાજા! ઝેર તમારા ખડ્ગએ પીધું અને મૃત્યુ શત્રુનું થયું.'

આ રીતે જગન્નાથ કવિનું આ નાટક 'ભાગ્ય મહોદય' એકદમ વિશિષ્ટ છે.

નાટકમાંખી પ્રાપ્ત થતી વિગતો પણ ઐતિહાસિક છે.

જેમ કે - રાજા વખતસિંહ પાસે પિરમ, સિંહપુર અને ભાવનગર હતા. સમુદ્રકાંઠે વસેલા ભાવનગરમાં વસ્ત્રો, ફલો અને પુષ્પોની સમૃદ્ધિ છે. રાજાઓ કવિઓ અને વિદ્વાનો માટે કલ્પવૃક્ષ જેવા હતા. તેઓ ગોબ્રાહ્મણ પ્રતિપાળ હતા. તેઓ અત્યંત પરાક્રમી હતા. એનાથી શત્રુઓ અને લૂંટારાઓને ત્રાસ હતો. એમની સેના અત્યંત વિશાળ અને વિજયશીલ હતી. દુષ્કાળના કપરા સમયમાં સમગ્ર પ્રજા એમની દયાને આધારે જ જીવતી.

# 'દુર્વાસા આખ્યાન' અને 'ધ્રુવાખ્યાન' ના લેખક કોણ છે?



**ખજાનો**

અનિલ પટેલ

### સાહિત્ય જગત

૧ 'પીળું ગુલાબ અને હું' નો સાહિત્ય પ્રકાર કયો છે?
(અ) નવલિકા (બ) નવલકથા
(ક) નાટક (ડ) કાવ્ય સંગ્રહ

૨ સત્યકામ અને રોહિણી કઈ નવલકથાના પાત્રો છે ?
(અ) ખેતરને ખોળે (બ) ઝેર તો પીધાં જાણી જાણી
(ક) લોહીની સગાઈ (ડ) અગન પિપાસા

૩ 'અંધેરી નગરી' કાવ્યના કવિ કોણ છે ?
(અ) દલપતરામ (બ) ન્હાનાલાલ
(ક) રાજેન્દ્ર શાહ (ડ) નટવરલાલ પંડ્યા

૪ લોકમુખે પ્રસિદ્ધ થયેલ 'ઈંધણા વીણવા ગૈતી મોરી સૈયર' ગીતના કવિ કોણ છે ?
(અ) કરશનદાસ માણેક (બ) વેણીભાઈ પુરોહિત
(ક) રાજેન્દ્ર શાહ (ડ) નરસિંહરાવ દિવેટીયા

૫ 'વાત્રકને કાંઠે' એ કોનો વાર્તાસંગ્રહ છે ?
(અ) ઈશ્વર પેટલીકર (બ) પિતાંબર પટેલ
(ક) મફત રણેલાકર (ડ) પન્નાલાલ પટેલ

૬ નીચેનામાંથી કઈ નવલકથાના સર્જક કુંદનિકા કાપડીયા છે ?
(અ) અગન પિપાસા (બ) અણસાર
(ક) લોહીની સગાઈ (ડ) ખેતરના ખોળે

૭ જયા-જયંત નાટકના લેખક કોણ છે ?
(અ) વિનોદ ભટ્ટ (બ) ન્હાનાલાલ
(ક) કવિ ત્રાપજકર (ડ) બટુભાઈ ઉમરવાડીયા

૮ ગુજરાતી કવિતાના કણ્વ તરીકે કોમ ઓળખાય છે ?
(અ) રાજેન્દ્ર શાહ (બ) ન્હાનાલાલ
(ક) નરસિંહરાવ દિવેટીયા (ડ) દલપતરામ

૯ 'ધરતીનું લૂણ' ના લેખક કોણ છે ?
(અ) રમેશ પારેખ (બ) ચુનીલાલ મડિયા
(ક) સ્વામી આનંદ (ડ) જયંતિ દલાલ

૧૦ 'શબ્દ લોક' ના લેખક કોણ છે ?
(અ) ફાધર વાલેસ (બ) ગુણવંત શાહ
(ક) સ્વામી સચ્ચિદાનંદ (ડ) કિશનસિંહ ચાવડા

૧૧ 'શ્રેણી વિજાનંદ' ગીત નૃત્ય નાટિકાના રચયિતા કોણ છે ?
(અ) જીવરામ જોષી (બ) મકરંદ દવે
(ક) શ્રીધર વ્યાસ (ડ) લાભશંકર ઠાકર

૧૨ 'શૌનિક' કયા સાહિત્યકારનું ઉપનામ છે ?
(અ) બાલાભાઈ દેસાઈ (બ) ક.મા. મુનશી
(ક) ધીરેન્દ્ર મહેતા (ડ) અનંતરાય રાવળ

૧૩ 'એક ઉંદર અને જદુનાથ'ના લેખક કોણ છે ?
(અ) લાભશંકર ઠાકર (બ) મધુસૂદન ઠાકર
(ક) રાવજી પટેલ (ડ) બ.ક. ઠાકોર

૧૪ 'રુદ્રદત્ત અને કલ્યાણી' કઈ નવલકથાનાં પાત્રો છે ?
(અ) જીગર અને અમી (બ) ભારેલો અગ્નિ
(ક) છિન્નપત્ર (ડ) ભાગ્ય નિર્માણ

૧૫ 'દુર્વાસા આખ્યાન' અને 'ધ્રુવાખ્યાન' ના લેખક કોણ છે?
(અ) પ્રેમચંદ (બ) બ્રહ્માનંદ
(ક) ભાલણ (ડ) જીવરામ જોષી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૩૧ જાન્યુઆરી :**
  - રૂપેરી પડદાની સિંગર સ્ટાર સુરૈયાનું નિધન (૨૦૦૪)
  - 'બિહાર કેસરી' તરીકે જાણીતા શ્રીકૃષ્ણ સિંહાનું નિધન (૧૯૬૧)
  - જયશંકર ભોજક 'સુંદરી' ની જન્મજયંતિ (૧૮૮૯)
  - બોલીવૂડની અભિનેત્રી પ્રિતિ ઝિંટાનો જન્મદિવસ (૧૯૭૫)
- **૧લી ફેબ્રુઆરી :**
  - ગુજરાતી પુસ્તકાલયના જનક મોતીભાઈ અમીનનું નિધન (૧૯૩૯)
  - અવકાશયાત્રી કલ્પના ચાવલાનું સ્પેશ શટલ દુર્ઘટનામાં અવસાન (૨૦૦૩)
  - ગુજરાતી મૂળના અભિનેતા જેકી શ્રોફનો જન્મદિવસ (૧૯૬૦)
  - તટરક્ષક દિવસ/ કોસ્ટગાર્ડ સ્થાપના દિન
- **૨જી ફેબ્રુઆરી :**
  - 'મહારાષ્ટ્ર સારસ્વતના આધુનિક વ્યાસ' તરીકે જાણીતા શ્રીધર વ્યંકટેશ કેતકરનો જન્મદિવસ (૧૮૮૪)
  - વિશ્વનું સૌથી મોટું ન્યૂયોર્કનું ગ્રાન્ડ રેલવે સ્ટેશન ખુલ્લું મુકાયું (૧૯૩૧)
  - ૧૩ વર્ષની ઉંમરે ૧૩૦૦ લીટીનું કાવ્ય લખનાર સરોજીની નાયડુનું નિધન (૧૯૪૯)
  - ભારતમાં જાણીતી બનેલી મેકસીકન-મોડલ - એકટર બાર્બરા મોરીનો જન્મદિવસ (૧૯૭૮)
- **૩જી ફેબ્રુઆરી :**
  - રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠનો જન્મદિવસ (૧૯૩૮)
  - ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા રેલવેની શરુઆત થઈ (૧૮૫૫)
  - મુંબઈ અને કુર્લા વચ્ચે પ્રથમ ઈલેકટ્રિક રેલવે સેવાની શરુઆત થઈ (૧૯૨૪)
  - જાણીતા અર્થશાસ્ત્રી રઘુરામ રાજનનો જન્મદિવસ (૧૯૬૩)
- **૪થી ફેબ્રુઆરી : શ્રીલંકાનો રાષ્ટ્રીય દિવસ**
  - કથક નૃત્ય શૈલીના શિરમોર બિરજુ મહારાજનો જન્મદિવસ (૧૯૩૮)
  - હવાઈ ઉડ્યનના શોખીન એવા ચાર્લ્સ લિન્ડબર્ગનો જન્મદિવસ (૧૯૦૨)
  - શ્રીલંકાએ અંગ્રેજો પાસેથી આઝાદી મેળવી (૧૯૪૮)
  - બોલીવૂડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકરનો જન્મદિવસ (૧૯૭૪)
- **૫મી ફબ્રુઆરી :**
  - જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીનો જનમદિવસ (૧૯૩૮)
  - અમદાવાદની વેધશાળાનો સ્થઆપના દિવસ (૧૯૪૪)
  - બ્રિટનના જહોન ડનલોપની જનમજયંતિ (૧૮૪૦)
  - અભિનેતા અભિષેક બચ્ચનનો જન્મદિવસ (૧૯૭૬)
- **૬ઠ્ઠી ફેબ્રુઆરી :**
  - બાળ સાહિત્યકાર પુષ્પા અંતાણીનો જન્મદિવસ (૧૯૪૪)
  - તુર્કીસ્તાનમાં પ્રથમવાર મહિલાઓને મતાધિકાર મળ્યો (૧૯૩૫)
  - મહારાજા સહાજીરાવ ગાયકવાડનું નિધન (૧૯૩૯)
  - વજુભાઈ મ. શાહની જન્મજયંતિ (૧૯૧૦)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**૨૮મી ફેબ્રુઆરી 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' કયા ભારતીય વૈજ્ઞાનિકની યાદમાં ઉજવાય છે ? જવાબ : ડો. સી.વી. રામન**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) મિત્ત વી. પટેલ : સે-૨૩ (૨) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**ભારતીય મૂળની અવકાશયાત્રી કલ્પના ચાવડાનું નિધન કયા સ્પેશ શટલમાં થયું હતું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# લોટ ફાકવો ને હસવું બી કેમ બને ?




**હળવે હૈયે**

પ્રકાશ લાલા

'યાર, આ દિવસ તો એટલો ને એટલો જ છે - બાર કલાકનો જ અને હવે કામો વધી પડ્યાં છે!' એક મિત્રએ, ચાની લારી પર બેઠા હતા ત્યાં, તપેલામાં ઉકળતી ચાની જેમ ઉકળી ઊઠેલા 'ટોન'માં સ્ટેટમેન્ટ કર્યું.

'કામો વધી પડ્યાં છે તારે ? ક્યાં કામો ?'



'સાઈડમાં કોઈ એજન્સી લીધી છે ? ઈન્સ્યુરન્સનું શરૂ કર્યું છે કે પછી ટ્યૂશન્સ કરવા માંડ્યો છે?'

'એમાંનું કશું કરતો નથી... એણે કહ્યું...'

'તો પછી કયાં કામ વધી ગયાં છે તારે, હેં ?' અમે પૂછ્યું.

'અરે ભાઈ, મારે એકલાને જ કામ નથી વધ્યા... બધાને વધ્યાં છે...'

'શેની વાત કરે છે ? કંઈ ફોડ પાડો તો સમજાય.' અમે અકળાઈને કહ્યું.

'આ રોજ ઊઠીને વોટ્સએપ ને ફેસબુક - ટ્વિટર ચેક કરવાનાં કામ, મેસેજ હોય, કોઈનો બર્થ ડે હોય કે મેરેજ એનીવર્સરી હોય તો વીશ કરવાનું.... આ બધાં કામો નથી વધી ગયાં આપણે?'

'એ ખરું, પણ...'

'રોજ સવારે ઊઠીને ભૂલ્યા વિના એ કરવું પડે.... વીશ ન કરીએ, કોંગ્રેચ્યુલેશન ન લખીએ, અંગૂઠો, નમસ્તે કે વેરી ફાઈન ઈમોજી ન સેન્ડ કરીએ તો...'

**કદાચ એવું પણ બને... બારણું ખોલો ને બહાર...!!**

'તો શું થાય ?'

'પેલાને ખોટું લાગે.... મનમાં રાખે કે બધાંએ વીશ કર્યું. આણે ના કર્યું.'

'હં... પછી ?'

'એ આપણનેય ના કરે ને પછી... એટલે સવારે ઊઠીને કે રાત્રે સૂતાં પહેલાં આ નવા આવી પડેલા કામો કરવાં જ રહ્યાં...'

'એટલું બધું ટેન્શન રહેતું હોય તો નહીં કરવાનું એ બધું.'

'ના ચાલે... ગ્રુપમાં તો રહેવું પડે ને!'

'એ ખરું... તો પછી વોટ્સએપ ને એ બધા સોશિયલ મીડિયા વાપરવાનાં જ નહીં...'

'શું ? આઉટ ડેટેડ ન ગણાઈએ?'

'તમારે તો યાર હસવુંય છે ને લોટ પણ ફાકવો છે... એ બે તો કેમ બને.... છોડવું નથી ને કામ વદી ગયાની બૂમરાણ કરવી છે એ કેમ ચાલે!'

'આનો બીજો કોઈ ઉપાય ?' એણે પૂછ્યું.

'છે ને...' અમે કહ્યું : 'તારે સોશિયલ મીડિયા પર મેસેજ મૂકી દેવાનો - બે હાથ જોડીને ઈમોજી સાથે કે 'માફ કરજો.... અમારા ધર્મગુરુએ ફરમાવ કર્યું છે કે મોબાઈલ વાપરો પણ ફોન કરવા પૂરતો જ... વોટ્સએપ, ફેસબુક, ટ્વિટર વગેરે વાપરવાનાં નહીં... માટે હું આજથી એ બધું બંધ કરું છું... ભાઈ, ધર્મના નામે આજે બધુ કહી શકાય છે!!'

'હેં ?'

'હા...'

●●●

'કહું છું...'

'શું છે ?'

'કોઈ સીસીટીવી કેમેરા લગાવવાવાળાને આજે જ બોલાવી આપણે ત્યાં ફીટ કરાવી દો...'

'હેં ?'

'હા... ચોરથી બચવા આ કેમેરા લગાવડાવી દેવાનું કયારની કહું છું... પણ તમે નથી માનતા... હવે તો લગાવવા જ પડશે...'

'કેમ?'

'ને બીજી વાત... સવારે વહેલા ઊઠી, પેપર લેવા દઈને મેઈન ડોર ખોલી બહાર નીકળી જાવ છો ને તે પણ કાલ સવારથી બંધ... સમજ્યા?'

'પણ કેમ...?'

'દીપડો... દીપડો... ગાંધીનગર 'જ' રોડ સુધી પહોંચી ગયો છે... ન કરે નારાયણ ને કદાચ એવું પણ બને.... બારણું ખોલો ને બહાર દીપડો મળે... ચોર તો ખાલી માલ મત્તા જ ચોરી જાય... દીપડો તો ફાડી ખાય... સમજ્યા ? માટે મેં કહ્યું તે બે વાતનો તમારે અમલ કરવાનો જ છે...'

'હેં ?'

'હા...'